# ધીરજકાકા

–કનૈયાલાલ મુનશી

ધીરજરામ પુરાણી – ગુજરાત સમસ્તના ધીરજકાકા, દેશભક્ત છોટુભાઈ બાલકૃષ્ણ પુરાણીના કાકા. બાપાજીના પણ એ મીત્ર થાય. ‘ધીરજકાકા’ ઘરમાં આવે કે ઘર ઉંઘતું હોય ત્યાંથી જાગે.

“માકુભાઈ ! એ રાવસાહેબ ! આવું કે ?” – એટલું ખડકીમાં પેસતાં બોલતા અને બાપાજી બારીએ નીકળે એટલે એ નવેણમાં પેસી જતા. “તાપીભાભી ! આજે હું જમવાનો છું. અરે, પણ પેલો કનુભાઈ ક્યાં ગયો ?” કહી મને ઉંચકે અને ભેટે. મને એ ગમે નહીં; એટલે વધારે જોરથી ભેટે. “જો દીકરા, કવીતા શીખવું : જે વાંચે ચોપડી તે ચોપડી ચોપડી ખાય – તારા બાપની માફક ને. ‘જે ન વાંચે ચોપડી તે બેપડી કરમાં સહાય’ – મારી માફક, સમજ્યો ? ચોપડી ચોપડી ખાય એટલે – જો તાપીભાભી બનાવે તે, રોટલી અને બેપડી એટલે ઘંટી.”

એટલે દાદર ઉપરથી બાપા બુમ પાડે :“ધીરજકાકા, જોજો, છોકરાને કંઈ નઠારું શીખવતા !” કાકાની જીભે બીભત્સ વાત જરાજરામાં આવતી.

“અરે માકુભાઈ ! જીભને તે હાડકું હોય ? જે આવે તે ખરું. ને હું નહીં તો કોઈ એને શીખવ્યા વગર રહેવાનું છે ?”

“ધીરજકાકા ! એવું શું બોલો છો ?” મારી બા કહે.

એટલે એ વાત ફેરવે “ચાલ દોસ્ત, શીખવું, બોલ – ”

“સૌથી મોટાં અન્નપાણી, કહે છે ધીરજકાકા વાણી.”

જ્યારે એ આવે ત્યારે આવી કવીતાના બે બોલ શીખવીને જાય. એવી ઘણી ઘણી કવીતા એ કરતા અને મીત્રોને ગાઈ સંભળાવતા.

ધીરજકાકા જેવો મશ્કરો મેં ગુજરાતમાં જોયો નથી. એમની મશ્કરીઓ કોઈએ સંગ્રહી નથી એ અફસોસની વાત છે. એક–બે વાત મને યાદ રહી છે તે અહીં નોંધું.

• • •

મારા જન્મ પહેલાં એ ભરુચના સુપરીન્ટેન્ડન્ટના કારકુન હતા. એક દહાડો ધીરજકાકાથી, આપણી જુની રીત પ્રમાણે પાટલીનો છેડો ધુંટણ ઉપર લેવાઈ ગયો. સાહેબે શીખામણ દીધી:

‘ડેખો ઢીરજકાકા ! ઐસે ઢોટી લેના બેશર્મ હય. હમારા લોગ ઉસકું નંગા કહેતા હય.”

“બોત ખુબ, સાહેબ !” ધીરજકાકાએ નીચા નમી કબુલાત આપી ને રજા લીધી.

બીજે દહાડે સવારે સાહેબ ડીસ્ટ્રીક્ટમાં જવાને તૈયાર થયા.

“ઘોડા લાઓ.”

“જી હજુર.” ઘોડાવાળાએ કહ્યું; પણ ઘોડો આવ્યો નહીં.

સાહેબ ઉકળ્યા : “અડે – ગધ્ધા – સુવર ! ઘોડા લાઓ.”

ઘોડાવાળો ધ્રુજતો આવ્યો : ‘હજુર, ધીરજકાકા ઉસકી માપણી કર રહે હૈ.’

‘માપણી ? ક્યા બકતા હૈ ?’ અધીરા સાહેબ દોડતા તબેલામાં ગયા. ધીરજકાકા અને બીજો એક માણસ ગજથી ઘોડાનાં અંગો માપી રહ્યા હતા.

“ધીરજકાકા ! યુ.......ક્યા કરટા હૈ ? પાગલ હો ગયા ?”

“અરે ના રે ખુદાવંદ ! બરાબર કાળજું ઠેકાણે છે .”

“ ટો ક્યા કરટા હૈ ?”

“આપનો હુકમ માથા પર ઉઠાવું છું.” ઠંડે કલેજે ધીરજકાકાએ કહ્યું.

“હુકમ ! ક્યા બકટા હૈ ?”

“જી, હા, હજુર, આપે જ કહ્યું હતું કે ઘુંટણ દેખાય એ તો નાગો–બેશર્મ; સાહેબ, આ સા... નફ્ફટ, બેશર્મ ઘોડો ચારે ઘુંટણ ઉઘાડા રાખીને ઉભો રહે છે તેથી હું દરજીને બોલાવી લાવ્યો છું. એને માટે પાટલુન કરાવવું છે.”

સાહેબે પછી શું કર્યું તે કોઈ કહેતું નહીં.

● ● ●

બીજી મજાકની વાત પણ મેં સાંભળી છે. ધીરજકાકાની ઓફીસમાં એક કારકુન હતો; છબીલ કહીશું તો ચાલશે. છબીલના કાકાનો કાજગરો છોકરો મગન કાચી વયે મરી ગયો તેથી તેને અમદાવાદ કાણે જવાનું થયું. પણ તેને ન આવડે કાણે જતાં કે ન આવડે આશ્વાસન દેતાં; એટલે ધીરજકાકાની મદદ માગી.

ધીરજકાકા તૈયાર હતા; પણ કંઈ એમ ને એમ જાય ? “બે રુપીયા આપે તો તારી સાથે આવું ને તારી કાણ પાર ઉતારું.” એમણે કહ્યું.

છબીલ ગભરાટીયો હતો; બે રુપીયા આપી ધીરજકાકાને સાથે લઈ ગયો.

પરોઢીયે ચાર વાગ્યે ગાડી અમદાવાદ પહોંચી અને જ્યારે બન્ને જ્યાં જવાનું હતું ત્યાં પહોંચ્યા ત્યારે ચારે પાસનાં ફળીયાં ધીરજકાકાના બુલંદ અવાજથી ગાજી રહ્યાં. : “ઓ મારા મગન રે, ઓ મારા મગનીયા રે !”

લોકો આંખો ચોળતા ઉઠ્યા : કોણ આવ્યું ? મગનના બાપભાઈઓ વહેલા વહેલા ધોતીયાં ઓઢી ઓટલે આવ્યા. ઘરની ને પડોશની સ્ત્રીઓ જેમતેમ એકઠી મળી છેડો વાળવા બેઠી.

છબીલ અને ધીરજકાકા પાસે આવ્યા : “ઓ મારા મગન રે !

બાપભાઈઓએ પ્રતીશબ્દ કર્યો : “ઓ મારા મગનીયા રે.”

બૈરાંઓએ સુર પુર્યો : “અરે ભાઈ ! તને મરવા નહોતો ધાર્યો હું હું હું હું..”

પછી છબીલ અને ધીરજકાકા બાપભાઈઓ પાસે બેઠા અને રડવા લાગ્યા. શીષ્ટાચાર પ્રમાણે નવા આવનાર પહેલાં પોતે છાના રહે અને બાપભાઈઓને છાના રાખે; પછી અંદરનાં બૈરાં રડતાં રહે. પણ ધીરજકાકાને બે રુપીયાની કીમ્મતનો મગનવીરહનો આઘાત લાગેલો

એટલે હૃદયભેદક અવાજે આંસુ ને ધ્રુસકાં સાથે 'ઓ મારા મગનીયા રે'ની પરમ્પરા તેમણે પોકાર્યે રાખી. પાંચ મીનીટની દસ મીનીટ થઈ, પંદર થઈ; ન ધીરજકાકા છાના રહે, ન બાપભાઈઓથી છાના રહેવાય, ન બૈરાંઓથી રહેવાય. ધીરજકાકા તો માથું પકડી છાતીફાટ રડ્યે જ જાય ; "ઓ મારા આ આ મગનીયા આ–આ રે એ એ.."

આખરે બાપભાઈઓ રડીરડીને થાક્યા ને છબીલને ધીમેથી કહ્યું, "અરે પેલાને કહે કે છાના રહે."

છબીલે બે પોક વચ્ચે કાકાના કાનમાં કહ્યું, "હવે છાના રહો."

ધીરજકાકાને છાતીફાટ રડવાનો જુસ્સો આવ્યો : "ઓ મારા મગનીયા રે..."

ફરી બાપે કહ્યું : ફરી છબીલે કહ્યું, આખરે ધીરજકાકાએ ગગનભેદી 'ઓ મારા મગન રે' અને વચ્ચે છબીલને રડવાને જ રાગે 'રડવાના પૈસા આલ્યા છે; છાના રહેવાના નહીં', એટલું ધીમેથી કહ્યું ને પછી મોટેથી ફરી આગળ ચાલુ રાખ્યું : "ઓ મારા મગન રે !"

આખરે નાછુટકે છબીલે સોદો કર્યો; છાનામાના બે રુપીયા લુગડાની સોડમાંથી ધીરજકાકાને આપ્યા, છાના રહેવાની ફી ! ત્યારે ધીરજકાકાનો આઘાત શમ્યો. આંસુ સુકાયાં, 'મગનીયા'ની પોક અટકી અને કાણ વીખરાઈ.

● ● ●

... ત્રણ મીત્રો ડાકોરમાં ભેગા થયા. સરકાર, કૃષ્ણમુખરામકાકા અને ધીરજકાકા. અમે પણ હતા.

"અધુભાઈ, રોજ બપોરે સુઈ શાના જાઓ છો ? કૃષ્ણમુખરામકાકાએ કહ્યું.

"મને બપોરે સુતા વીના નહીં ચાલે." અધુભાઈકાકાએ કહ્યું.

"વારુ, ભાઈ ! અમારાથી ના કહેવાય ? સુઓ સુઓ સુઓ, અધુભાઈ સરકાર નહીં સુશે તો બીજું કોણ સુશે ?" ધીરજકાકાએ જવાબ આપ્યો.

અધુભાઈકાકા સુઈ ગયા, નીરાંતે. અડધો કલાક થયો ને છાપરાનું નળીયું ખસ્યું અને પાણીની ધારા મચ્છરદાની પર થઈ ઉંઘતા સરકારનો અભીષેક કરી રહી.

તે જાગ્યા : "કોદર ! મોરાર ! કોણ સ... છાપરા પર છે ? પકડો, પકડો !" અને પાણીથી તરબોળ સરકાર ફલંગ મારતા બહાર દોડી આવ્યા.

છાપરા પર મુકેલી નીસરણી પરથી બે પ્રતીષ્ઠીત વૃદ્ધોને કછોટો મારી, હાથમાં ખાલી ઘડો લઈ ઉતરી આવતા મેં જોયા. ધીરજકાકા કહેતા હતા, "સુઓ અધુભાઈ, સુઓ ! અમારાથી ના કહેવાય ? સરકાર નહીં સુશે તો કોણ સુશે ?"

અધુભાઈકાકા ક્રોધમાં કાંપતા હતા અને એમના મીત્રો ખડખડ હસતા હતા. આ પ્રસંગે મને ઘણી મોજ પડી હતી, એવું ઝાંખુ સ્મરણ છે.

● ● ●

ધીરજકાકાને મન જીવન એક મોટી મજાક હતી; એમાંથી તોફાન ને હાસ્યના અનેક રંગો એ કાઢતા ને બધાને તેનો પાસ લગાડતા. ન્યાતીલા નહીં છતાં એ ટેકરાનું અંગ હતા. અને એમનું નીખાલસ દીલ, આનંદી સ્વભાવ અને રમુજી ટુચકા વીના ક્યાંય સુધી ટેકરાનું વાતાવરણ સુનું સુનું લાગતું.

–ક. મા. મુનશી

ક. મા. મુનશીની આત્મકથા ‘અડધે રસ્તે’માંથી સાભાર..

ભરુચમાં તા. ૩૦/૧૨/૧૮૮૭ના દીને જન્મેલા અને તા. ૮/૨/૧૯૭૧ના દીને અવસાન પામેલા કનૈયાલાલ માણેકલાલ મુનશી એક સફળ રાજપુરુષ તો ખરા જ; પણ તેમની યાદ તો ગુજરાતી ભાષાના એક સીમાસ્થંભરુપ સાહીત્ય સ્વામી તરીકે ગુજરાતીઓનાં દીલમાં અમર છે. એમણે ત્રણ ભાગમાં પોતાની સંસ્મરણાત્મક આત્મકથા આપી છે :

‘અડધે રસ્તે’, ‘સીધાં ચઢાણ’ અને ‘સ્વપ્નસીદ્ધીની શોધમાં’

@@@

’સન્ડે ઈ-મહેફીલ – ‘વર્ષઃ આઠમું- અંકઃ 251 – August 26, 2012

’ઉંઝાજોડણી‘માં અક્ષરાંકનઃ ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

@@@

**More than 1,56,00,000 Gujarati Language lovers have visited**
**http://www.gujaratilexicon.com/**

**More than 14,00,000 have visited Digital Bhagwadgomandal**
**http://www.bhagwadgomandal.com/**

**More than 3,20,000 have visited Lokkosh**
**http://lokkosh.gujaratilexicon.com/**

@@@@@@@@@